ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૦.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૨ ટકા ● સાંજે ૯૭ ટકા

# શહેરના જાહેર શૌચાલયોને પણ ચોરો ખુંદી વળ્યા..!!

## મોટા ભાગનાં શૌચાલયોમાંથી ચિન્ધી ચોરો નળ અને લોખંડની પાઇપો ચોરી ગયા

ગાંધીનગર, તા.૨

ગુજરાતમાં તો ખબર નહિ પણ ગાંધીનગરમાં તો વિકાસ ખરેખર ગાંડો થયો હોય તેવુ લાગે છે. ક્યારેક બેરોજગાર ચોરો તો ક્યારેક નશાખોર કે રિઢા ચોરો ગમે ત્યારે તક મળે એટલે હાથફેરો કરી લે છે. મકાનો અને દુકાનો તથા ગોડાઉનોમાં ચોરીઓ થતી હતી ત્યા સુધી તો ઠીક હતુ પરંતુ હવે તો શહેરનાંજાહેર શૌચાલયોને પણ ચોરો ખુંદી વળ્યા છે. શહેરનાં મોટા ભાગનાં જાહેર શૌચાલયોમાંથી સેન્સર, નળો અને લોખંડની પાઈપો ચોરી કરી ચિન્ધી ચોરો ગાયબ થઈ ગયા છે. આ મામલે મનપાની એજન્સીધારકે સે-૨૧ પોલીસ સ્ટેશનમાં અરજી આપી હોવાનું ધ્યાને આવ્યુ છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં નગરજનોની સવલત માટે ઉભા કરવામાં આવેલા હાઈટેક જાહેર શૌચાલયો કે જેમા ઓટોમેટીક ફ્લશ સેન્સર પણ લગાડવામાં આવ્યા છે. જે પૈકીનાં મોટા ભાગનાં શૌચાલયોમાંથી સેન્સર તો ગાયબ થઈ જ ગયા છે પણ તેની સાથોસાથ શૌચાલયનાં નળો અને લોખંડની પાઈપો ઉપરાંત વોશ બેસીન પણ ચોરી થઈ ગયા હોવાનું ધ્યાને આવ્યુ છે. એક તરફ પોલીસ મોટા ગુનાઓ ઉકેલવામાંથી કે બંદોબસ્તમાંથી નવરી પડતી નથી બીજી તરફ જાહેર શૌચાલયોની બહાર પણ પોલીસે જ ધ્યાન રાખીને બેસી રહેવુ પડે તેવી પરિસ્થિતીનું નિર્માણ થયુ છે. શૌચાલય બહાર પણ જાણે એ.ટી.એમ હોય તેમ સિક્યુરિટી તૈનાત કરવી પડે તેવુ હાલનાં તબક્કે લાગી રહ્યુ છે. મનપાનાં અધિકારીઓ પણ માથુ ખંજવાળતા થઈ ગયા છે કે આ સ્થિતીનો ઉકેલ કેવી રીતે લાવવો..! ''ટોઈલેટ-એક પ્રેમકથા'' ફિલ્મ રિલીઝ થયા બાદ સરકારનાં આદેશથી ગુજરાતનાં ઘણા સંબંધીત અધિકારીઓને ફિલ્મ બતાવવામાં આવી હતી. પરંતુ આ ફિલ્મ જોઈને આવેલા અધિકારીઓ પણ ગાંધીનગરમાં આવી પડેલી આ સમસ્યાનાં ઉકેલ માટે બીજી કોઈ ફિલ્મ રિલીઝ થાય તેવુ મનોમન વિચારતા હશે...!!






## સે-૨નું અર્બન હેલ્થ સેન્ટર વસાહતીઓ માટે આશિર્વાદરૂપ

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેરના સેકટર-૨ ખાતે આવેલ અર્બન હેલ્થ સેન્ટર સ્થાનિક વસાહતીઓ માટે આશિર્વાદ સમાન બનવા પામ્યું છે. હેલ્થ સેન્ટરમાં નાગરીકોને ડાયાબીટીસ, બીપી, મેલેરીયા સહિત તમામ રસી આપવામાં આવે છે. આ અર્બન હેલ્થ સેન્ટરનો લાભ આસપાસના ગ્રામજનો પણ લઈ રહ્યા છે.

ગાંધીનગર શહેરના નિર્માણ સમયે દરેક સેકટરમાં સરકારી દવાખાનાની સગવડ કરવામાં આવી હતી. પરંતુ તંત્ર દ્વારા જાળવણીના અભાવે કેટલાક સરકારી દવાખાના બંધ થઈ ગયા છે. જયારે કેટલાક મહાનગર પાલિકા હસ્તક કરવામાં આવ્યા છે. જેમાં સેકટર-૨ અર્બન હેલ્થ સેન્ટરનું સંચાલન મહાનગર પાલિકા દ્વારા કરવામાં આવે છે. હેલ્થ સેન્ટર સવારે ૯.૩૦ થી ૧ અને સાંજે ૩ થી ૫ કલાક દરમિયાન સેવા મળે છે. જયારે દર શુક્રવારના રોજ બાળરોગ અને સ્ત્રીરોગ નિષ્ણાંત તબિબોની સેવા મળી રહે છે.

ઉપરાંત અત્યારે હાલના સમયે સ્વાઈન ફ્લુ સામે રોગ પ્રતિકારક શકિત વધારે તે માટે આર્યુવેદિક ઉકાળો પણ નાગરીકોને પીવડાવવામાં આવે છે. ચોમાસાની સિઝનમાં હેલ્થ સેન્ટરમાં દર્દીઓની સંખ્યા વિશેષરુપે જોવા મળે છે. દર ત્રણ માસે મેડીકલ નિદાન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે સેકટર-૨ અર્બન હેલ્થ સેન્ટર નાગરીકો માટે આશિર્વાદરુપ સમાન બની રહ્યું છે.

## આ વર્ષે નવરાત્રીમાં 'સાલસા ગરબા' ધૂમ મચાવશે

ગાંધીનગર, તા. ૨

ગરબા એ ગુજરાતની વૈશ્વિક ઓળખ છે અને સાલસા એ બ્રાઝીલનો વિશ્વવિખ્યાત ડાન્સ છે. આજના યુગમાં ગુજરાતનો ગરબો ગ્લોબલ થવા સાથે તેમાં નવીનીકરણ પણ ખુબ થવા પામ્યું છે. આજે ગરબો હવે નીતનવા સ્વરૂપે રજુ થયી રહ્યો છે જેના કારણે તેમાં હમેશા તાજગી અનુભવાય છે. આજ કારણે ગરબો આટલો પૌરાણિક હોવા છતાં નવી પેઢીનો ફેવરીટ બની રહ્યો છે.નવી પેઢી ગરબામાં અવનવા ફ્યુઝન કરીને ગરબાને નવીન સ્વરૂપ પ્રદાન કરી રહી છે. આ વર્ષે ગાંધીનગરમાં ગરબાનું તદ્દન નવુજ ફ્યુઝન સ્વરૂપ જોવા મળશે જેનું નામ છે 'સાલસા ગરબા'.

સાલસા ગરબા શબ્દ પરથી જ ખ્યાલ આવી જાય છે કે એમાં વિશ્વના બે સુવિખ્યાત નૃત્ય સ્વરૂપોનું મિશ્રણ છે. ગુજરાતના ગરબા અને બ્રાઝીલના સાલસા ડાન્સનું અદભૂત સંયોજન એટલે જ 'સાલસા ગરબા'. ગાંધીનગર પાસેના નારાયણી હાઈટ્સ ખાતે આગામી તા. ૭મી થી ૯મી સપ્ટેમ્બર દરમ્યાન સાલસા ગરબાના વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્કશોપમાં સુરતમાં સૌપ્રથમવાર સાલસા ગરબાની શરૂઆત કરાવનાર ધ્રુવ ડોક્ટર ધ્વારા તાલીમ આપવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે ધ્રુવ ડોક્ટર પાસે સાલસા ગરબા માટે અલગ અલગ ૩૩ પ્રકારના સ્ટેપ્સ છે. સાલસા ગરબા ભારતીય અને પશ્ચિમી સંસ્કૃતિનું અજબ મિશ્રણ છે. સમગ્ર વર્કશોપનું આયોજન અમદાવાદના ધડકન ગ્રુપ દ્વારા કરવામાં આવ્યું છે. ધ્રુવ ડોક્ટરના જણાવ્યા મુજબ સાલસા ગરબાની કોરિયોગ્રાફી એવી રીતે કરવામાં આવી છે જેમાં ગરબાનો સાચો સાર પણ જળવાઈ રહે છે અને નવીનતાનો પણ અનુભવ થાય છે. આ વર્ષની નવરાત્રિમાં સાલસા ગરબા ધૂમ મચાવશે તેમાં કોઈ બેમત નથી.

## પુસ્તક પરબ સાથે સ્વાઈન ફ્લુ પ્રતિરોધક આયુર્વેદિક ઉકાળાનું વિતરણ

ગાંધીનગર, તા. ૨

શહેરની મધ્યમાં આવેલા ઘ-૪ સર્કલે દર માસના પ્રથમ રવિવારની જેમ આવતીકાલે પણ માતૃભાષા અભિયાન અંતર્ગત આત્મન ફાઉનડેશન દ્વારા પુસ્તક પરબનું આયોજન થશે. આ પ્રસંગે હાલમાં શહેરમાં ચાલી રહેલા સ્વાઈન ફ્લુના વાવરને પગલે હેપ્પી યુથ કલબ ધ્વારા સ્વાઈન ફ્લુ પ્રતિરોધક આયુર્વેદિક ઉકાળાનું વિના મૂલ્યે વિતરણ કરવાનુ આયોજન કરવામાં આવ્યું છે જેનો લાભ લેવા જાહેર જનતાને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. સ્વાઈન ફ્લુ પ્રતિરોધક આયુર્વેદિક ઉકાળાનું વિના મૂલ્યે વિતરણ આવતીકાલે તા. ૦૩.૦૯.૧૭ રવિવારે સવારે ૮.૦૦ થી ૯.૩૦ કલાક દરમ્યાન ઘ-૪ સર્કલ, સ્વર્ણિમ પાર્ક ખાતે પુસ્તક પરબની સામે કરવામાં આવશે. શહેરીજનોને પુસ્તક પરબ થકી વૈચારિક અને આયુર્વેદિક ઉકાળા થકી શારીરિક એમ બેવડા સ્વાસ્થ્યનો લાભ પ્રાપ્ત થશે.

## વિશ્વકર્મા સરકારી ઈજનેરી કોલેજની હોસ્ટેલમાં વિઘ્નહર્તા




ગાંધીનગર, તા.૨

વિશ્વકર્મા સરકારી ઈજનેરી કોલેજ, ચાંદખેડા ખાતે ગણેશ ઉત્સવનું આયોજન હોસ્ટેલના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ ગણેશ ઉત્સવ નિમિત્તે રોજ સવાર સાંજે એમ બે વખત હોસ્ટેલના વિદ્યાર્થીઓ દ્વારા ગણેશજીની પૂજા-અર્ચન અને આરતી કરવામાં આવતી હતી. તા. ૧-૯-૨૦૧૭ના રોજ મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હોસ્ટેલના ૩૦૦ વિદ્યાર્થીઓ અને કોલેજના ૫૦ પ્રાધ્યાપકોએ હાજરી આપી હતી.

ગણેશ ઉત્સવના ઓર્ગેનાઈઝીંગ ટીમના સભ્ય પ્રશાંત દોડીયાએ જણાવ્યું હતુ કે આ ગણેશ ઉત્સવનું આયોજન વિદ્યાર્થીઓના પોતાના ખિસ્સા ખર્ચની બચત અને અધ્યાપકોના મળેલા શુભેચ્છા ભેટ દ્વારા કરવામાં આવ્યું છે. સત્યમ શિવહરેએ જણાવ્યું હતુ કે આ ગણેશ ઉત્સવનું આયોજન એક ભારત-શ્રેષ્ઠ ભારત-સ્વચ્છ ભારતના થીમ હેઠળ કરવામાં આવ્યું હતું. મહાઆરતીના દિવસે વિદ્યાર્થીઓ દ્વારા કોલેજમાં કામ કરતા બધા જ સફાઈ કામદારોનું શાલ ઓઢાડી બહુમાન કરવામાં આવ્યું હતુ અને તેમની સેવાઓને બિરદાવવામાં આવી હતી.

### આઈ લવ માય ગાંધીનગર



**જિગીષા પટેલ**
**વિદ્યાર્થી**

**ગાંધીનગર ગમે**
મન હરી લેતી સુંદરતા, મન હળવું કરી દેતી મોકળાશ અને ભરચક્ક હરિયાળીને કારણે આ શહેર ખૂબ ગમે છે.

**નગરજનો**
શિક્ષિત, કલા-સંસ્કૃતિપ્રેમી, ઉત્સવપ્રેમી, સેવાભાવી અને પરસ્પર સહાયભૂત થનારા નાગરિકો આ શહેરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**
કડી સર્વ વિશ્વવિદ્યાલય, સર્વ નેતૃત્ત્વ ગૃપ, કિપ સ્માઈલિંગ ગૃપ, ગ્રો ફાઉન્ડેશન, આર્ષ-અક્ષરધામ, જી ઈ ક્લબ જેવી સંસ્થાઓની પ્રવૃત્તિઓથી વાકેફ છું અને પ્રભાવિત પણ છું.

**નગરને બહેતર બનાવવા**
સ્વચ્છતા, જાહેર શિસ્ત અને યુવાઓને સમાજલક્ષી કાર્યોમાં જોડવા માટેના આયોજન, પ્રયાસોની આવશ્યકતા જણાય છે.

**નગર માટે હું કરી શકું**
સેવા, શિક્ષણ, વ્યકિત-વિકાસનાં કાર્યો માટે મારી સઘળા પ્રકારની સહાય પૂરી પાડવા હું તૈયાર છું.

## સિવિલમાં ઠેરઠેર ઉભરાતી ગટરોથી દર્દીઓ હેરાન

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેરમાં રોગચાળો બેકાબુ બની રહ્યો છે. ઝાડા-ઉલ્ટી, તાવ, મેલેરીયા, ટાઈફોઈડ, કમળો, સ્વાઈન ફલુ સહિતના કેસ સામે આવી રહ્યા છે. ઘેર ઘેર બિમારીના ખાટલા જોવા મળી રહ્યા છે. સાંજ ઢળતા જ પ્રાઈવેટ દવાખાનામાં દર્દીઓની લાંબી કતારો જોવા મળે છે. ત્યારે હોસ્પિટલના વોર્ડ પણ દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે. ત્યારે બિમારીગ્રસ્ત દર્દી સારવાર મેળવવા માટે હોસ્પિટલમાં એડમીટ થાય છે પરંતુ અહી જ ઉભરાતી ગટરોને પગલે મચ્છરો દર્દીઓને શાંતિથી બેસવા દે નહી તેવી સ્થિત ઉદભવી રહી છે. ઈમરજન્સી વિભાગ પાસે છેલ્લા કેટલાક સમયથી ગટર ઉભરાઈ રહી છે. છતા તંત્રના અધિકારીઓને ઉભરાતી ગટરો દેખાઈ રહી નથી. જયારે આરએમઓ ઓફીસની બાજુમાં જ ગટર ઉભરાય છે. તેમ છતા સિવિલ સતાધિશ આંખ આડા કાન કરી રહ્યા છે. ગટરોના ગંદા પાણી સિવિલ કેમ્પસમાં દુર્ગંધ ફેલાવી રહ્યા છે. ગંદા પાણીને પગલે મચ્છરોનો ત્રાસ વધતા દર્દીઓ રાત્રીના સમયે શાંતિથી આરામ પણ કરી શકતા નથી. જયારે બિમારીમાંથી સ્વસ્થ થવા આવતા દર્દીઓ જ બિમારીનો ભોગ બને તેવી સ્થિતિ પ્રવર્તી રહી છે. મચ્છરજન્ય રોગચાળો એકતરફ વકરી રહ્યો છે ત્યારે હોસ્પિટલમાં જ મચ્છરોના ઉદભવ સ્થાન સમાન ઉભરાતી ગટરો અને ગંદા પાણી કયારે બંધ થશે તેની રાહ દર્દીઓ તેમજ મુલાકાતીઓ જોઈ રહ્યા છે. વારંવાર ઉભરાતી ગટરોની સમસ્યાનું નિરાકરણ તો તંત્ર દ્વારા લાવવામાં જ આવે છે છતાં પણ કયા કારણોસર વારંવાર આ ગટરો ઉભરાય છે તે તંત્ર માટે પણ માથાના દુ:ખાવા સમાન છે.

## હૈદરાબાદની હાર્ડ મેરેથોનમાં ગાંધીનગરના રનર્સને મેડલ




ગાંધીનગર, તા.૨

ગાંધીનગર રનર્સ ગ્રુપના ચાર સભ્યોએ હૈદરાબાદમાં યોજાયેલી મેરેથોનમાં ભાગ લીધો હતો. આ મેરેથોન ભારતની ત્રણ હાર્ડ મેરેથોન પૈકીની એક કહેવાય છે. આ મેરેથોનમાં ચઢાણવાળા રસ્તા સાથે ફલાયઓવર બ્રીજ આવે છે.

ગાંધીનગરના રનર્સ દિલીપ શર્મા અને રમેશબાબુ ગટ્ટુએ ફુલ મેરેથોન એટલે કે ૪૨.૧૯૫ કિમી જયારે બિલ્ડર જગત કારાણી અને પી.એસ.આય. ડી.જી. ટૂંડીયાએ હાફ મેરેથોન એટલે કે ૨૧.૦૯૭ કિમી દોડ નિશ્ચિત સમયમાં પૂર્ણ કરીને ફિનીશરનો મેડલ મેળવ્યો હતો. ગાંધીનગર રનર્સ ગ્રુપે આ તમામ દોડવીરોને શુભેચ્છા પાઠવી છે.

## આત્મન ફાઉન્ડેશન દ્વારા સે-૬ની પ્રાથમિક શાળામાં વકતૃત્વ સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા.૨

સરકારી પ્રાથમિક શાળાના બાળકોને શિક્ષણની સાથે વ્યકિતત્વ વિકાસની ઈતર પ્રવૃત્તિઓ માટે પ્રોત્સાહિત કરવાના હેતુથી આત્મન ફાઉન્ડેશન દ્વારા વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. સંસ્થા દ્વારા સેકટર-૬ની સરકારી પ્રાથમિક શાળામાં વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના સમયે જ બાળકોને વિષય આપી શીઘ્ર વકતૃત્વ માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ધોરણ-૫ અને ૬ના વિદ્યાર્થીઓએ મારો પ્રિય તહેવાર, મારી શાળા મારું ગામ-શહેર વિશે, જયારે ધો-૭ અને ૮ના વિદ્યાર્થીઓએ મારા પ્રિય દેશભકત, મને શું થવું ગમે અને મારા માતા-પિતા વિશે પોતાના વિચારો રજૂ કર્યા હતા. બંને વિભાગમાં મળીને કુલ ૩૦ વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ભાગ લીધો હતો. સંસ્થા દ્વારા સારો દેખાવ કરનાર વિજેતાઓને તથા અન્ય એમ મળી ૨૦ વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવ્યા હતા. કાર્યક્રમના પ્રારંભે સંસ્થાના પ્રજ્ઞાબેન પટેલે વ્યકિતત્વ વિકાસ, વકતૃત્વ સ્પર્ધા એટલે શું, કઈ રીતે સારી રીતે પોતાના વિચારો રજુ કરી શકાય વગેરે વિશે વાત કરી હતી. ભરત કવિએ નિર્ણાયક તરીકે સેવા આપી હતી અને વિદ્યાર્થીને જીવનમાં આગળ વધવા અને સારા અભ્યાસ માટે પ્રોત્સાહક પ્રેરણા આપી હતી. જયશ્રીબહેન ખેતિયાએ બાળગીત ગવડાવીને બાળકોને ખુશ કર્યા હતા. શાળાના આચાર્ય ઈશ્વરભાઈ પટેલે પ્રાસંગિક વકતવ્ય આપ્યું હતું. સંસ્થાના સહયોગીઓના હસ્તે ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. શાળાના બાળકોએ ગીત, કરાટે-માઈમ વગેરેની રજુઆત કરી હતી.

### @ગાંધીનગર

● માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા સે-૩-સી ખાતે સુમતિબહેન ભાટી (સૈની) શકિતચોક ખાતે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન આનંદનો ગરબો યોજાશે.

● જય બુટ ભવાની આનંદ ગરબા મંડળના દર્શનાબહેન ઉપાધ્યાયના મધુર કંઠે આનંદનો ગરબો પુષ્પાબહેન પરમાર, સે-૪-એ પ્લોટ નં. ૧૯૨/૨ ખાતે બપોરે ત્રણ કલાકે યોજાશે.

● જલારામ સેવા સમાજની વાર્ષિક સાધારણ સભા જલારામ મંદિર, સે-૨૯ ખાતે બપોરે ૩ કલાકે યોજાશે.

● ભારત વિકાસ પરિષદ દ્વારા આયોજીત રાષ્ટ્રીય સમુહગાન સ્પર્ધા સે-૨૩ કડી કેમ્પસ સ્થિત ખીમજી વિસરામ હોલ ખાતે સવારે ૯.૩૦ કલાકે યોજાશે.

● ન્યુટ્રીશીયન વીક સેલીબ્રેશન અંતર્ગત સ્વાગત રેઈન ફોરેસ્ટ-૨ બ્લોક-સી નંબર ૨૦૧ ખાતે સવારે ૧૧ થી ૧ કલાક તેમજ બપોરે ૪ થી ૬ કલાક દરમિયાન નિ:શુલ્ક કાર્યક્રમ યોજાશે.

### વાતવાતમાં

● આગામી ૬ઠ્ઠી તારીખથી ગાંધીનગર શહેરના વિવિધ વિસ્તારોમાં નર્મદા રથ ફરનાર છે. આ માટે વકતાઓના ભાષણના મુદ્દા પણ તંત્રએ તૈયાર કરી આપ્યા છે.

● ગાંધીનગર મનપાના આરોગ્ય અધિકારી ડૉ. દિનેશ બારોટની બદલી અરવલ્લી જિલ્લામાં થતાં તેમને ગઈકાલે મનપા તરફથી વિદાય આપવાનો સમારોહ યોજાયો હતો. જેમાં નવા આરોગ્ય અધિકારી ડૉ. ગોસ્વામીનું સ્વાગત પણ કરવામાં આવ્યું હતું.

● ગાંધીનગર શહેરમાં વરસાદના ભારે ઝાપટા પડવાથી ઠેર ઠેર પાણીના ખાબોચિયા ભરાઈ જવા પામ્યા છે.

● સે-૨૨માં આંતરિક માર્ગ પહોળો કરવાની કામગીરી ચાલે છે પણ રોડ પર ખાડા પડી ગયા છે તેની દુરસ્તીનું કામ ન કરાતાં વસાહતીમાં રોષની લાગણી જન્મી છે.

## નીમા ફાઉન્ડેશન દ્વારા આજે કોલવડા ગામમાં સાંધાના દુખાવા અને ડાયાબિટીસનો કેમ્પ

ગાંધીનગર, તા. ૨

નીમા ફાઉન્ડેશનના ઉપક્રમે સાંધાના દુખાવા તેમજ ડાયાબિટીસ માટેનો કુદરતી ઉપચાર કેમ્પ કોલવડા ગામ ખાતે આયોજિત કરવામાં આવ્યો છે.

વરેણ્યમ સેલ્ફ હીલીંગ અને રીસર્સ સેન્ટરની સહાયથી આયોજિત આ કેમ્પ કે કે પટેલ વિદ્યાલય, કોલવડા ખાતે યોજાઈ રહ્યો છે. સવારે ૯ કલાકે ઘૂંટણના-સાંધાના દુખાવા માટે કેમ્પ શરૂ કરવામાં આવશે અને ત્યારબાદ ૧૦.૩૦ કલાકે ડાયાબિટીસ માટેનો કેમ્પ યોજવામાં આવશે. સૌ ગ્રામવાસીઓ, નાગરિકોને આ કેમ્પનો લાભ લેવા ફાઉન્ડેશન તરફથી અનુરોધ કરવામાં આવ્યો છે.

### ચિરવિદાય

- સ્વ. અમરતભાઈ મથુરભાઈ ઠાકોર, ઉ.વ. ૫૫
- સ્વ. મધુબેન વિષ્ણુપ્રસાદ જાની, ઉ.વ. ૬૭
- સ્વ. બિહોલા દશરથસિંહ જીવણજી, ઉ.વ. ૫૪